૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની આઈ.ટી. કમિટીની બેઠક તા.૨૩/૧૦/૨૦૨૦ ના રોજ ૧૧.૩૦ કલાકે અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અધ્યક્ષપદે યોજાયેલ બેઠકની કાર્યવાહી નોંધ.

આ બેઠકમાં હાજર રહેલ અધિકારીશ્રીઓની યાદી (એનેક્ષર-એ) આ સાથે સામેલ છે.

અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)એ બેઠકમાં હાજર રહેલ સર્વે અધિકારીશ્રીઓને આવકારી બેઠકની શરૂઆત કરી. બેઠકના એજન્ડાની મુદ્દાવાર ચર્ચા વિચારણા કરી આઈ.ટી. કમિટીએ નીચે મુજબ નિર્ણય કરેલ છે.

(૧) નિયામકશ્રી(અ.જા.ક.) હસ્તકની નીચે મુજબની યોજનાઓ માટે MIS/એપ્લીકેશન બનાવવા અંગેની GIPL ની દરખાસ્ત.

| ક્રમ | યોજનાનું નામ | કિંમત (રૂપિયામાં) |
|---|---|---|
| ૧ | સંત શિરોમણી શ્રી રવિદાસ હાઈ સ્કીલ ટ્રેનીંગ પ્રોગ્રામની એપ્લીકેશન | ૨૩,૩૭,૭૨૦/- |
| ૨ | Vigilance ની MIS | ૧૧,૬૮,૮૬૦/- |
| 3 | SCSP Expenditure ની MIS | ૧૦,૮૫,૩૭૦/- |
| ૪ | SCSP Meeting ની MIS | ૭,૫૧,૪૧૦/- |
| ૫ | સાગરખેડુ યોજનાની MIS | ૭,૫૧,૪૧૦/- |

- પુખ્ત વિચારણાને અંતે, સંત શિરોમણી શ્રી રવિદાસ હાઈ સ્કીલ ટ્રેનીંગ પ્રોગ્રામની એપ્લીકેશન બનાવવાની GIPL ની દરખાસ્તને આઈ.ટી. કમિટીની મંજૂરી આપવામાં આવી અને અ.મુ.સચિવશ્રી(સા.ન્યા.) દ્વારા GIPL સાથે નેગોશિએશન કરી તે અંગે રૂ.૧૭,00,000/- ની કિંમત ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું.
- Vigilance ની MIS બનાવવાની GIPL ની દરખાસ્તને આઈ.ટી. કમિટીની મંજૂરી આપવામાં આવી. વધુમાં, તેમાં એટ્રોસિટી એક્ટ હેઠળ જે બનાવ બને છે તેનો પણ સમાવેશ કરવા નિર્ણય કરવામાં આવ્યો. અ.મુ.સચિવશ્રી(સા.ન્યા.) દ્વારા GIPL સાથે નેગોશિએશન કરી તે અંગે રૂ.૧૦,00,000/- ની કિંમત ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું.
- SCSP Expenditure ની MIS અને SCSP Meeting ની MIS એમ બે અલગ અલગ MIS બનાવવાને બદલે SCSP Expenditure અને SCSP Meeting નો સમાવેશ એક જ MIS માં કરવા આઈ.ટી. કમિટીમાં નિર્ણય કરવામાં આવ્યો. અ.મુ.સચિવશ્રી(સા.ન્યા.) દ્વારા GIPL સાથે નેગોશિએશન કરી તે અંગે રૂ.૧૦,00,000/- ની કિંમત ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું.

- સાગરખેડુ યોજનાની MIS બનાવવાની GIPL ની દરખાસ્તને આઈ.ટી. કમિટીની મંજૂરી આપવામાં આવી અને અ.મુ.સચિવશ્રી(સા.ન્યા.) દ્વારા GIPL સાથે નેગોશિએશન કરી તે અંગે રૂ.૨,૫૦,૦૦૦/- ની કિંમત ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું.
- ઉપરોક્ત તમામ MIS/એપ્લીકેશન તૈયાર કરવા GIPL ને એડવાન્સ રકમ આપી શકાશે પણ કુલ કેટલુ ચુકવણુ કરવુ તે મેનપાવર કલાક GIL ના પરામર્શ પછી જ નક્કી કરી GIPL ને ચૂકવણું કરવાનું રહેશે.

(૨) નિયામકશ્રી(વિ.જા.ક.) હસ્તકની નીચે મુજબની યોજનાઓ માટે MIS/એપ્લીકેશન બનાવવા અંગેની GIPL ની દરખાસ્ત.

| ક્રમ | યોજનાનું નામ | કિંમત (રૂપિયામાં) |
|---|---|---|
| ૧ | માનવ ગરિમા યોજનાની CRN | ૧,૨૧,૮૯૫/- |

- માનવ ગરિમા યોજનાની CRN કરવા માટેની GIPL ની દરખાસ્તને આઈ.ટી. કમિટીની મંજૂરી આપવામાં આવી અને અ.મુ.સચિવશ્રી(સા.ન્યા.) દ્વારા GIPL સાથે નેગોશિએશન કરી તે અંગે રૂ.૧,૦૦,૦૦૦/- ની કિંમત ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું. સદર યોજના અંગે MIS/એપ્લીકેશન તૈયાર કરવા GIPL ને એડવાન્સ રકમ આપી શકાશે પણ કુલ કેટલુ ચુકવણુ કરવુ તે મેનપાવર કલાક GIL ના પરામર્શ પછી જ નક્કી કરી GIPL ને ચૂકવણું કરવાનું રહેશે.

(3) નિયામકશ્રી (વિ.જા.ક.)ની ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ પરની યોજનાઓ માટે Short Message Service (SMS) પૂરી પાડવાની કામગીરી GIPL ને સોંપવા માટે રૂ.3૬,000/-(અંકે રૂપિયા છત્રીસ હજાર પૂરા)નો વર્ક ઓર્ડર આપવાની દરખાસ્તને પશ્ચાતવર્તી અસરથી મંજૂરી આપવા બાબત.

- નિયામકશ્રી(વિ.જા.ક.)ની ઈ-સમાજકલ્યાણ પોર્ટલ પરની યોજનાઓ માટે Short Message Service(SMS) પૂરી પાડવાની કામગીરી GIPL ને સોંપવા માટે રૂ.3૬,000/-(અંકે રૂપિયા છત્રીસ હજાર પૂરા)નો વર્ક ઓર્ડર આપવાની દરખાસ્તને આઈ.ટી. કમિટીની પશ્ચાતવર્તી અસરથી મંજૂરી આપવામાં આવી.

(૪) નિયામકશ્રી(સ.સુ.) હસ્તકની નીચે મુજબની યોજનાઓ માટે MIS/એપ્લીકેશન બનાવવા અંગેની GIPL ની દરખાસ્ત.

| ક્રમ | યોજનાનું નામ | કિંમત (રૂપિયામાં) |
|---|---|---|
| ૧ | Disability Act ની MIS | ૧૦,૫૧,૯૭૪/- |
| ૨ | Accessible Gujarat ની MIS | ૭,૭૯,૨૪૦/- |
| 3 | Senior Citizen Act ની MIS | ૧3,૬3,૬૭૦/- |

| | | |
|---|---|---|
| ૪ | Court Case ની MIS | ૫,૮૪,૪૩૦/- |

- Disability Act ની MIS બનાવવાની GIPL ની દરખાસ્તને આઈ.ટી. કમિટીની મંજૂરી આપવામાં આવી અને અ.મુ.સચિવશ્રી(સા.ન્યા.) દ્વારા GIPL સાથે નેગોશિએશન કરી તે અંગે રૂ.૭,૫૦,૦૦૦/- ની કિંમત ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું.
- Accessible Gujarat ની MIS બનાવવાની GIPL ની દરખાસ્તને હાલ મુલતવી રાખવા આઈ.ટી. કમિટીમાં નિર્ણય કરવામાં આવ્યો.
- Senior Citizen Act ની MIS બનાવવાની GIPL ની દરખાસ્તને આઈ.ટી. કમિટીની મંજૂરી આપવામાં આવી અને અ.મુ.સચિવશ્રી(સા.ન્યા.) દ્વારા GIPL સાથે નેગોશિએશન કરી તે અંગે રૂ.૮,૦૦,૦૦૦/- ની કિંમત ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું.
- Court Case ની MIS બનાવવાની GIPL ની દરખાસ્તને હાલ મુલતવી રાખવા આઈ.ટી. કમિટીમાં નિર્ણય કરવામાં આવ્યો.
- ઉપરોક્ત તમામ MIS/એપ્લીકેશન તૈયાર કરવા GIPL ને એડવાન્સ રકમ આપી શકાશે પણ કુલ કેટલુ ચુકવણુ કરવુ તે મેનપાવર કલાક GIL ના પરામર્શ પછી જ નક્કી કરી GIPL ને ચૂકવણું કરવાનું રહેશે.

(૫) ગુજરાત રાજ્ય વિકલાંગ(દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમની વેબસાઈટ ડેવલપ કરવા માટેની GIPLની રૂ.૩,૩૯,૫૨૬/-ની દરખાસ્ત.

- ગુજરાત રાજ્ય વિકલાંગ(દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમની વેબસાઈટ ડેવલપ કરવા માટેની GIPLની રૂ.૩,૩૯,૫૨૬/-ની દરખાસ્ત આઈ.ટી. કમિટીમાં વિચારણા માટે રજૂ કરવામાં આવેલ. તે દરમિયાન સદર નિગમની યોજનાઓ માટેનું સોફ્ટવેર ડેવલપ કરવા માટેની રૂ.૨૦,૮૭,૨૫૦/-ની દરખાસ્ત GIPL દ્વારા રજૂ કરવામાં આવેલ. જે અંગે ચર્ચા વિચારણા કર્યા બાદ ગુજરાત રાજ્ય વિકલાંગ(દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમની વેબસાઈટ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની ગાઈડલાઈન મુજબ interactive, query based તથા દિવ્યાંગ વ્યક્તિઓ માટે સુલભ બનાવવાની શરતે GIPL ને વેબસાઈટ ડેવલપ કરવાની મંજૂરી આપવામાં આવી.
- નિગમની યોજનાઓ માટે સોફ્ટવેર ડેવલપ કરવાની GIPLની દરખાસ્તને નિગમની તમામ યોજનાઓ ઓનલાઈન કરવાની શરતે મંજૂરી આપવામાં આવી. GIPL સાથે નેગોશિએશન કરી ગુજરાત રાજ્ય વિકલાંગ(દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમની વેબસાઈટ તથા યોજનાઓ માટેના સોફ્ટવેરની એકત્રિત કિંમત રૂ.૫,૦૦,૦૦૦/- નક્કી કરવામાં આવી. સદર યોજના અંગે MIS/એપ્લીકેશન તૈયાર કરવા GIPL ને

એડવાન્સ રકમ આપી શકાશે પણ કુલ કેટલુ ચુકવણુ કરવુ તે મેનપાવર કલાક GIL ના પરામર્શ પછી જ નક્કી કરી GIPL ને ચૂકવણું કરવાનું રહેશે.

(૬) વિભાગ હેઠળના ત્રણેય ખાતાના વડાઓની કચેરી હસ્તકની સંસ્થાઓમાં હાજરી માટે આધાર બેઝ્ડ બાયોમેટ્રીક ડિવાઈસના ડિઝાઈન, ડેવલપમેન્ટ અને ઈમ્પ્લીમેન્ટેશન માટે ટોટલ સોલ્યુશન પ્રોવાઈડરની પસંદગી બાબતે ચર્ચા કરવા બાબત.

- વિભાગની તા.૩૦/૦૮/૨૦૧૮ ની આઈ.ટી. કમિટીની બેઠકમાં વિભાગ હેઠળના ખાતાના વડાઓની કચેરી હસ્તકની સંસ્થાઓમાં પ્રાયોગિક ધોરણે બાયોમેટ્રીક ડિવાઈસ લગાવવા માટે મંજૂરી આપવામાં આવેલ. આ અંગે ટેન્ડરીંગની કાર્યવાહી GIL ને સોંપવામાં આવેલ. આધાર બેઝ્ડ બાયોમેટ્રીક ડિવાઈસના ડિઝાઈન, ડેવલપમેન્ટ અને ઈમ્પ્લીમેન્ટેશન માટે ટોટલ સોલ્યુશન પ્રોવાઈડર GeM પર ઉપલબ્ધ ન હોઈ, આ કાર્યવાહી GeM પર નહિ કરવા માટે ઉદ્યોગ અને ખાણ વિભાગની મંજૂરી મળ્યા બાદ, GIL ને આગળની કાર્યવાહી કરવા આઈ.ટી. કમિટીમાં મંજૂરી આપવામાં આવી.

<u>અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ એજન્ડા</u>

(૧) ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટીની કચેરી માટેની હાર્ડવેરની ખરીદીને પશ્ચાતવર્તી અસરથી મંજૂરી આપવા બાબત.

- ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટીની કચેરી માટે ૧૫૦ કોમ્પ્યુટર સિસ્ટમ તથા ૭૧ પ્રિન્ટરની રૂ.૬૮,૫૩,૧૬૫/-(અંકે રૂપિયા અડસઠ લાખ તેપ્પન હજાર એકસો પાસઠ પુરા)ની ખરીદી કરવામાં આવેલ. આ ખરીદીને આઈ.ટી. કમિટીની પશ્ચાતવર્તી અસરથી મંજૂરી આપવાની દરખાસ્તને હાલ મુલતવી રાખવા આઈ.ટી. કમિટીમાં નિર્ણય કરવામાં આવ્યો. ફરીથી રેગ્યુલર એજન્ડામાં લેવા માટે GSCPS મુદ્દો IT કમિટીને મોકલે.

(૨) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ માટે MS Act, 2013 હેઠળ નોંધાયેલ કેસો અન્વયે MIS ડેવલપ કરવા માટેની GIPLની રૂ.૫,૯૨,૭૭૯/-ની દરખાસ્ત.

- ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ માટે MS Act, 2013 હેઠળ નોંધાયેલ કેસો અન્વયે MIS ડેવલપ કરવા માટેની GIPLની દરખાસ્તને હાલ મુલતવી રાખવા આઈ.ટી. કમિટીમાં નિર્ણય કરવામાં આવ્યો. ફરીથી રેગ્યુલર એજન્ડામાં લેવા નિગમ આ મુદ્દો IT કમિટીને મોકલે.

બેઠકમાં આ સિવાય અન્ય કોઈ મુદ્દો રજૂ થયેલ ન હોઈ, અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)એ હાજર રહેલ સૌનો આભાર માની બેઠક પૂર્ણ થયેલ જાહેર કરી.

(પકેશ ઠાકોર)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

---

ક્રમાંક:CMP-૧૦૨૦૧૯-૩૦૧૬૩૨-કો.સેલ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
બ્લોક નં.૫, ૯ મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૭/૧૧/૨૦૨૦

નકલ રવાના પ્રતિ

(૧) સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) નાણા સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લિ., બ્લોક નં.૨, ૨જો માળ, ડી વીંગ, કર્મયોગી ભવન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.
(૪) સંયુક્ત સચિવશ્રી(અ.જા.ક.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૫) નાયબ સચિવશ્રી(વિ.જા.ક.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૬) નાયબ સચિવશ્રી(સ.સુ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૭) નાયબ નિયામકશ્રી(આઈ.ટી.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૮) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં.૪, ૨જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
(૯) નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં.૪, ૩જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૦) નિયામકશ્રી,સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ભોંયતળિયે, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૧) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય વિકલાંગ નાણાં અને વિકાસ (દિવ્યાંગ) નિગમ, એ-૧ વીંગ, ૬ ઠ્ઠો માળ, બ્લોક નં.૧, કર્મયોગી ભવન, ગાંધીનગર.

(૧૨) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, બી વીંગ, ૩ જો માળ, બ્લોક નં.૧, કર્મયોગી ભવન, ગાંધીનગર.

(૧૩) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ સોસાયટી, બ્લોક નં.૧૯, ૩ જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૪) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત ઈન્ફ્રો પેટ્રો લિમિટેડ(GIPL), બ્લોક નં.૧૫, ૨જો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

(૧૫) સિલેક્ટ ફાઈલ.

એસ.યુ.પરીખ

(એસ.યુ.પરીખ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ